# આજે ગુરુપૂર્ણિમા : એવા ગુરુ જેમણે ૧૧૭ વાર રક્તદાન કર્યું છે

અમદાવાદ, ગુરુવાર

વિશ્વમાં રક્તદાનના ચાર્ટમાં ગુજરાતીઓ ટોચ પર હોય છે. જ્યારે આપણું અમદાવાદના આ બ્રહ્મચારી સંત અનુકરણીય ઉદાહરણરૂપ છે. તેઓ કદાચ એક માત્ર એવા ગુરૂ છે કે જેમણે ૧૦૦ થી વધુ વાર રક્તદાન કર્યું છે. તેમનો એક જ ગુરુ મંત્ર છે : મને મારી રોટી સમાજમાંથી મળે છે અને તેથી મારા રક્તનું એકે એક બુંદ સમાજને પાછું આપવાનું છે. શિવાનંદ આશ્રમના સ્વામી અધ્યાત્માનંદે ૧૧૭ વાર રક્તદાન કર્યું છે. મુખ્યત્વે લશ્કરી દળો માટે તેમના પરથી પ્રેરણા લઈને તેમના હજારો અનુયાયીઓ રક્તદાન કરવા લાગ્યા છે.

લશ્કરી દળોને રક્તદાનથી વધુ શ્રેષ્ઠ કાર્ય હું બીજું શું કરી શકું ? લગ્નનો પ્રસંગ હોય કે પુણ્યતિથિનો કે ધાર્મિક વ્યાખ્યાન, હું તો મારા અનુયાયીઓને હંમેશાં એક સલાહ આપું છું કે તમામ પ્રસંગોએ રક્તથી શિબિરો યોજવી જોઈએ એવું ૬૪ વર્ષના સ્વામી કહે છે કે જેમના શિષ્યો દુનિયામાં કોઈપણ ખુણામાં હોય, પણ સ્વામી જ્યારે ત્યાં જાય છે ત્યારે તેઓ અચૂક રક્તદાન શિબિરો યોજે છે.

તેમના ષષ્ઠીપૂર્તિ સમારોહમાં પણ જ્યારે તેમના અનુયાયીઓ તેમના વજનની સમકક્ષ ચાંદીનું દાન કરવા માગ

Continue >

ા હતા ત્યારે સ્વામીએ તેમને તેમના વજનની સમકક્ષ રક્તદાન કરવા કહ્યું હતું. તેમના ભક્તો મૃતાત્માની પુણ્યતિથિમાં કથાને બદલે રક્તદાન શિબિરો યોજતા થઈ ગયા છે.એક વર્ષમાં તેમના નેજા હેઠળ ૨૩૦ રક્તદાન શિબિરો યોજાઈ હતી. જેમાં ૬૯,૫૪૨ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. "એક સંત તરીકે તેમની પાસે દાનમાં આપવા જેવું કશું નથી સિવાય રક્તદાન કરતા આવ્યા છે અને મોટી રક્તદાન શિબિરોનું આયોજન કરે છે. મને જુદા જુદા કાર્યક્રમોમાં બોલાવવામાં આવે છે અને હું દક્ષિણામાં માત્ર રક્ત જ લઉ છું"

રેડક્રોસ સોસાયટીનું પણ માનવું છે કે જો સ્વામી અધ્યાત્માનંદની રાહે અન્ય સંતો પણ જો રક્તદાનને પ્રેરણા આપશે તો રક્તની ક્યારે અછત ઊભી નહિ થાય "ગુજરાતને આવા સંત માટે ગૌરવ અનુભવવું જોઈએ" એવું અમદાવાદ રેડક્રોસ સોસાયટીના પ્રમુખ મુકેશ પટેલ કહે છે કે જેમણે ખુદ ૧૨૧ વાર રક્તદાન કર્યું છે.